# પ્રેસનોટ રામોલ પોલીસ

## રીક્ષામાં પેસેન્જરોને બેસાડી લુંટ કરતા ઇસમોને કિ.રૂ. ૧,૩૪,૦૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડતી રામોલ પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા રીક્ષામા પેસેન્જરોની નજર ચુકવી ચોરી કરતા તથા લુંટ ના ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન તા.૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગે સીટીએમ ચાર રસ્તા ખાતે આવતા એ.એસ.આઇ રણજીતસિંહ મફતસિંહ નાઓની ટીમના પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને સંયુકત બાતમી હકીકત આપેલ એક ઓટોરીક્ષા નંબર જી.જે.૨૭ ટી.એ. ૩૨૯૩ માં કેટલાંક ઇસમો ચોરી અગર તો છળકપટથી મેળવેલ મોબાઇલ ફોન રાખી વેચવા માટે અત્રે થઇને નિકળનાર છે જે બાતમી હકીકત આધારે

આરોપીઓ :- (૧) બબલુખાન ઇદખાન મનસુરી ઉવ.૨૫ રહે. મનં.બી/૧૫૪ અજીતપાર્ક રચાન બેકરી સામે વટવા અમદાવાદ શહેર મુળવતન. ગામ કરકોલી તા.બહા જી.અગ્રા ઉત્તરપ્રદેશ

(૨) મોહમંદ તનવીર અબ્દુલમજીદ કુરેશી ઉવ.૧૯ રહે. મનં.૧૫/૧૭ અજીતમીલ ચાર મળીયા મચ્છી માર્કેટ પાસે રખીયાલ અમદાવાદ શહેર

નાઓની પાસેથી એક વિવો કંપનીનો મો.ફોન કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા ઓટોરીક્ષા કિ.રૂ. ૧,૨૦,૦૦૦/- તથા રોકડા રુપિયા ૪૦૦૦/- તથા એક છરી કિ.રૂ.૨૦/- તથા આધારકાર્ડ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે ૧,૩૪,૦૨૦/- સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી આરોપીઓને તા.૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૯/૫૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ અને આધારકાર્ડમાં જણાવેલ ઇસમ બાબતે તપાસ કરતા ફરીયાદીશ્રી લવકુશ ગયાદીન બડે ઉવ.૨૫ રહે. મનં.૮૨ રાજીવનગર આશીષ સિનેમા પાછળ હરીઓમ પાર્ક સામે અમદાવાદ શહેરનાઓ મળી આવેલ જેઓને પુછતા જણાવેલ કે આરોપીઓએ તેઓના કબ્જાની રીક્ષામાં પેસેંજર તરીકે બેસાડી રીલાયન્સ પેટ્રોલ પંપની આગળ માર્બલની દુકાન સામે જાહેરમાં ૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૦૩/૦૦ વાગ્યાના અરસામાં છરી બતાવી મોબાઇલ ફોન તથા રોકડા રુપિયા ૫૦૦/- ની લુંટ કરેલ છે તેમ જણાવેલ હોય જે બાબતે રામોલ પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૦૦૩૫/૨૦૨૦ એ ધી ઇપીકો કલમ ૩૯૪, ૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આરોપીઓની વધુ તપાસ પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ હાથ ધરેલ છે.

આરોપીઓએ વિવેકાનગર વિસ્તારમાંથી પણ લુંટ કરેલાની હકીકત જણાવે છે.

સદર ગુનામા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની સંડોવણી જણાઇ આવેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

Scanned with CamScanner